ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 11th December, 2016

પ્રતિ,
તંત્રી શ્રી,

.............................................................................., ભાવનગર.

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા પુરસ્કૃત અને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આયોજિત

### ઊર્જા અને ઊર્જા સ્રોતો વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર જીલ્લાભરમાં વિજ્ઞાનને ઘર ઘર સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે છેલ્લા ૧૪ વર્ષથી પ્રયત્નશીલ રહ્યુ છે. જેના ભાગરૂપે મહત્વપૂર્ણ સંદેશાને લોક ભોગ્ય બનવા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના સહયોગથી ઊર્જા બચત અને ઊર્જાના સંવર્ધન હેતુથી બાળ ઊર્જા રક્ષક દળ ૨૦૧૬-૧૭ કાર્યક્રમ કરવામાં આવી રહ્યો છે.

બાળ ઊર્જા રક્ષક દળ ૨૦૧૬-૧૭ કાર્યક્રમ અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શહેર તથા તાલુકાની ૭૪ પ્રાથમિક શાળાઓના ધોરણ ૫ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે તા. ૧૦મી ડીસેમ્બર, ૨૦૧૬ શનીવારના રોજ બપોરના ૧:૦૦ કલાકથી સાંજના ૪ કલાક દરમ્યાન મોતી બાગ ટાઉન હોલ, ભાવનગર ખાતે ઊર્જા બચત વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન થયેલ.

આ કાર્યક્રમના ઇનામ વિતરણ સમારોહમાં શ્રીમતી તૃપ્તિબેન વ્યાસ (ડેપ્યુટી કમિશ્નર, ભાવનગર), શ્રી પરેશભાઈ ત્રિવેદી (આચાર્ય, શ્રી બી. એમ. કોમર્સ હાઈ સ્કુલ), શ્રી અશોકભાઈ પટેલ (ચિત્ર શિક્ષક), શ્રીમતી કિન્નરીબેન રાઠોડ (ચિત્ર શિક્ષક), શ્રી રાકેશભાઈ ઉજ્જૈનીયા (ચિત્ર શિક્ષક) અને ડૉ. ભાવેશભાઈ ભરાડ (લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન) હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં ધોરણ ૫ માં પ્રથમ ક્રમે શિવાનંદ બારૈયા (રૂ. ૫૦૦૦/-) દ્વિતીય ક્રમે અલવાઝ આરીફ ગોગડા (રૂ. ૩૦૦૦/-) અને તૃતીય ક્રમે સુતરીયા પરી (રૂ. ૧૦૦૦/-), ધોરણ ૬ માં પ્રથમ ક્રમે ઓમ દાની (રૂ. ૫૦૦૦/-) દ્વિતીય ક્રમે શ્રેય મહેશ્વરી (રૂ. ૩૦૦૦/-) અને તૃતીય ક્રમે કોષ્ટિ નેહા (રૂ. ૧૦૦૦/-), ધોરણ ૭ માં પ્રથમ ક્રમે અભી હરસોરા (રૂ. ૫૦૦૦/-) દ્વિતીય ક્રમે કુમકુમ વેદાની (રૂ. ૩૦૦૦/-) અને તૃતીય ક્રમે યશ્વી શાહ (રૂ. ૧૦૦૦/-) અને ધોરણ ૮ માં પ્રથમ ક્રમે મૈત્રી ચાંપાનેરી (રૂ. ૫૦૦૦/-) દ્વિતીય ક્રમે હિરલ વાઘેલા (રૂ. ૩૦૦૦/-) અને તૃતીય ક્રમે કાજળ લોચલ (રૂ. ૧૦૦૦/-) એમ કુલ મળીને ૧૨ વિદ્યાર્થીને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીને સર્ટીફીકેટ. સ્કેચપેન આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

ઉપરોક્ત ચિત્ર સ્પર્ધામાં કુલ ૨૯૬ વિદ્યાર્થીઓ, ૧૦૦ શિક્ષકો અને વાલીઓ હાજર રહ્યા હતા. જે બાબતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) 11/12/16
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.